# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no:-૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org


જા નં/મા-૨/સ્વચ્છતા/૨૦૨૫/ ૭૭૫૭

તા.૦૭/૦૮/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી/સંચાલકશ્રી,
પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
(સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ) સુરત, જિલ્લો-સુરત

વિષય:- સ્કૂલ સેફ્ટી પોલીસી-૨૦૧૬ અંતર્ગત શાળામાં સલામતી અને સ્વચ્છતાનાં ધોરણો જાળવવા બાબત.

સંદર્ભ:-(૧) સ્કૂલ સેફ્ટી પોલીસી-૨૦૧૬ અંતર્ગત પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીનાં પત્રાંક:પ્રાશિનિ/ખ-૨/૨૦૧૭/૫૦૮૫ તા.૧૧/૧૦/૨૦૧૭.
(૨) અત્રેની કચેરીનાં પરિપત્ર ક્રમાંક:મા-૨/૨૦૨૪/૧૩૭૨૪ તા.૧૭/૦૯/૨૦૨૪.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ઉક્ત સંદર્ભદર્શિત પરિપત્ર-૧ અને ૨ અન્વયે અત્રેની કચેરી દ્વારા શાળા સંકુલમાં બાળકનું આરોગ્ય જળવાય તે અર્થે સ્વચ્છતા જાળવવા સૂચનો આપેલ હતા. વર્તમાન સમયમાં ચોમાસાની ઋતુ ચાલી રહેલ હોવાથી શાળાઓએ નીચે મુજબની સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

- શાળાનાં પ્રાંગણમાં, બગીચામાં, મેદાનમાં, અગાસી પર વરસાદી પાણી ભરાય ન રહે તેની તકેદારી રાખવી અને સમયાંતરે આરોગ્ય વિભાગનો સંપર્ક કરી જરૂરી હોય ત્યાં દવાનો છંટકાવ કરાવવો.
- શાળામાં વણવપરાતું ફર્નિચર, પાટલીઓ, ટાયરો, કાટમાળ જેવી વસ્તુઓ હોય તો તેનો તાત્કાલિક નિકાલ કરવો.
- શાળા સંકુલમાં નિયમિત સફાઈ કરાવવી.
- શાળાનાં વર્ગખંડો,સ્ટાફ રૂમ, ભોજન ખંડ, લાઈબ્રેરી, પાણીની પરબ વગેરે જગ્યાએ સ્વચ્છતા જળવાય તેની તકેદારી રાખવી.
- શાળા સંકુલમાં એકઠા થતાં કચરાનો આરોગ્ય વિભાગની માર્ગદર્શિકા મુજબ યોગ્ય નિકાલ કરવો.
- બાળકોનાં પીવાનાં પાણીની પરબની જગ્યા તથા શોચાલયમાં ગંદકી ન થાય નિયમિત સફાઈ થાય તે અંગે તકેદારી રાખવી.

- શાળા સંકુલમાં ગંદકી ન ફેલાય અને મચ્છરો અને જીવ-જંતુઓનો ઉપદ્રવ ન થાય અને બાળકોનું આરોગ્ય સચવાય તે હેતુસર આપની શાળામાં સ્વચ્છતા જાળવવા તાકીદ કરવામાં આવે છે તથા સમયાંતરે શાળામાં અઠવાડિયે અને પખવાડિયે સ્વચ્છતાલક્ષી બાબતોનું નિરીક્ષણ સંસ્થાના વડાએ કરવાનું રહેશે.

વધુમાં જણાવવાનું કે શાળાઓમાં સલામતીનાં ધોરણો જાળવવા માટે સ્કૂલ સેફ્ટી પોલીસી-૨૦૧૬ નાં પેરા નં-૪.૨ માં સૂચિત કર્યા મુજબની તંદુરસ્તી અને આરોગ્યને લગલ સૂચનાઓનો શાળાઓએ ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ:- સ્કૂલ સેફ્ટી પોલીસી-૨૦૧૬.

નકલ રવાના:-
શિક્ષણ નિરીક્ષકશ્રી, તમામ, સદર કચેરી,
મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી, તમામ, સદર કચેરી,
/-ઉક્ત સૂચનાઓનું આપનાં કાર્યક્ષેત્રનાં શાળા વિકાસ સંકુલની શાળાઓને અમલ કરાવવા સારુ.

ક્રમાંક:પ્રાશિનિ/ખ-૨/૨૦૧૭/ ૫૦૮૫

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોકનં.૧૨/૧, ડો.જીવરાજ મહેતા ભવન
ગુ.રા.ગાંધીનગર, તા. ૧૧/૧૦/૧૭

પ્રતિ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષય:- શાળાઓમાં સલામતીના ધોરણો જાળવવા તથા **School Safety Policy 2016**ના અમલ બાબત.

સંદર્ભ:- અત્રેની કચેરીનો પરિપત્ર ક્રમાંક પ્રાશિનિ/ખ-૨/૨૦૧૭/૪૫૦૦-૪૫૪૭/ તા.૨૧/૦૯/૨૦૧૭

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રજિસ્ટર્ડ તમામ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સલામતી માટે ધી નેશનલ બિલ્ડીંગ કોડ ઓફ ઇન્ડીયા-૨૦૦૫માં સલામત શાળાનું બિલ્ડીંગનું બાંધકામ અને નામ.સુપ્રિમકોર્ટે રીટ પીટીશન (સીવીલ)નં.૪૮૩/૨૦૦૪માં તા.૧૪/૦૮/૨૦૧૭ના રોજ આપેલ ચુકાદા અનુસાર કાર્યવાહી થાય, શાળા સલામતી માટે લેવાતા પગલાં તેમજ શાળાના બિલ્ડીંગનું સ્પીશીફીકેશન, તેનું કમ્પ્લીશન સર્ટીફીકેટ વગેરે સુચનાઓનું પાલન કરવા જણાવવામાં આવે છે.

તાજેતરમાં કેટલાક રાજ્યમાં બાળકોની સલામતી જોખમાઇ હોય તેવા બનાવ બન્યા છે. તે સંદર્ભે આપનું ધ્યાન રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ની જોગવાઇઓ તરફ ધ્યાન દોરવામાં આવે છે. શાળાનું વાતાવરણ બાળકોને શિક્ષણમાં મદદરૂપ થાય, બાળકોનો સર્વાંગી વિકાસ થાય, બાળકોની સલામતી જળવાય અને તેઓને તે બાબતનો અહેસાસ થાય તે જોવાની પ્રત્યેક શાળાની ફરજ છે. આ સંદર્ભમાં શિક્ષણ વિભાગ દ્વારા તા.૧૩/૦૯/૨૦૧૭ના પત્રથી પણ સૂચનાઓ આપવામાં આવેલ છે.

નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ શાળામાં ભણતા બાળકોની સલામતી જાળવવા અંગે આપેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન તમામ શાળાઓએ કરવાનું રહે છે. સલામતીના પગલામાં સહેજ પણ ચૂક ન થાય તેમજ કોઇપણ ક્ષતિ ન રહે તે બાબતે ચોકસાઇ રાખવા તમામને વિનંતી કરવામાં આવે છે.

બાળકોની સલામતી માટે નીચે મુજબની કાર્યવાહી શાળા સંચાલકો/આચાર્યશ્રીઓએ તાત્કાલિક ધોરણથી સુનિશ્વિત કરવાની રહેશે.

(૧) શાળા સંકુલ/ સ્કુલ કર્મચારીઓનું વેરીફીકેશન સંબંધિત પોલીસ સ્ટેશન પાસે કરાવવાનું રહેશે.

(૨) તમામ સ્ટાફના વિચારોનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરાવવું. જેમાં નોન ટીચીંગ સ્ટાફ, ડ્રાઇવર, કંડકટર, પટાવાળા, માળી અને સુરક્ષા કર્મચારીઓને પણ આવરી લેવા અને તેઓના નામ-સરનામાં અને ફોટા સાથે ડેટાબેઝ રાખવો. શિક્ષકો સહિત સ્કુલમાં કામ કરતા તમામને આઇકાર્ડ આપવા જે ફરજિયાત સાથે લટકાવીને રાખવા.

(૩) બાળકોની સાથે સારો વ્યવહાર કરવા માટેની તાલીમ શિક્ષકો, વહીવટી સ્ટાફ તથા તેઓનું ટ્રાન્સપોર્ટેશન કરતા વાહનના કર્મચારીઓને આપવાની રહેશે. જેની જવાબદારી શાળાના આચાર્યની અને સંચાલકની રહેશે.

(૪) શાળામાં સ્કૂલ બસ દ્વારા અન્ય દ્વારા આવતા બાળકોની સલામતી માટે યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે. શાળા છૂટયા બાદ બાળકોની ગણતરી કરીને વાહનમાં બેસાડવા તથા વાલીએ સમયસર હાજર કરીને બાળકોને સ્વીકારવા. જો વાલી સમયસર બાળકને લેવા આવશે નહિ તો વાલીની બેદરકારી ગણાશે. તે જ રીતે બાળકો શાળાએ સમયસર પહોંચે તે માટે વાલીએ સલામત રીતે બાળકને સ્કૂલ બસ કે જે તે વાહનમાં બેસાડવા. રસ્તામાં બસ/વાહન બગડે તો ડ્રાઈવરે બાળકોને છૂટા મુકવા નહિ. શાળામાં બાળકોને સલામત રીતે પહોંચાડયા બાદ શાળાના જવાબદાર કર્મચારીને બાળકોની ગણતરી કરીને આપવા. આ માટે ડ્રાઈવર, વાલીને વગેરે ખાસ તાલીમ આપવી રીસેસ દરમિયાન કોઈઈ પણ બાળક શાળા બહાર જાય નહિ તેવી તકેદારી રાખવી. માતા-પિતા અથવા માતા-પિતાના અધિકૃત પત્રથી શાળાએ ખરાઈ કરી બાળકને ચાલુ શાળાએ રજા આપવી. શાળામાં આવતા બાળકોને લાવવા-લઈ જતા વાહનો જેવા કે રિક્ષા કે વાનમાં વધુ સંખ્યા ન બેસાડવામાં આવે તે જોવાની જવાબદારી શાળા સંચાલકની રહેશે.સંજોગોવશાત વાન કે રિક્ષામાં વધુ બાળકો બેસેલા જણાય તો તે અંગે સંચાલકે આર.ટી.ઓ.ને તુરંત જાણ કરવી. બાળકોની પરિવહનની વ્યવસ્થામાં પણ જરૂરી સુનિશ્ચિત સલામતીના નિયમો નકકી કરવા. કમિશ્નરશ્રી વાહન વ્યવહારની કચેરી, ગુ.રા. દ્વારા ક્રમાંકઃ- સ્કૂલ રીક્ષા/૨૦૦૬/૪૧૮૦ તા. ૦૧/૦૮/૨૦૦૬ થી પરિપત્ર કરી રીક્ષા/મારૂતિવાન/મેટાડોર વગેરે વાહનોમાં કેટલા બાળકોને બેસાડી શકાય તેની વિગતવાર સૂચનાઓ આપેલ છે. જે ધ્યાને લઈ કાર્યવાહી કરવી.

(૫) તમામ શાળાઓમાં કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે અલગ ટોઈલેટ અને વોશરૂમ ફરજિયાત બનાવવા. શાળાના વોશરૂમ ટોઈલેટ વગેરે સ્થળે જયાં જરૂર હોય ત્યાં મહિલા કર્મચારીને/ હાજર રાખવા.

(૬) શાળાના તમામ સ્થળોએ જેવા કે લોબી, ગ્રાઉન્ડ, પરીસરમાં CCTV કેમેરા ગોઠવવા અને સમયાંતરે તેની ચકાસણી કરવી.

(૭) શાળામાં આવા દરેક મુલાકાતી.વાલી માટે મુલાકાતી રજીસ્ટર નિભાવવાનું રહેશે/સ્ટાફ/શાળાના ગેટ આગળ વીઝીટ બુક રાખવી અને વીઝીટરની જાણકારી મેળવવી. આ જગ્યાએ CCTV કેમેરા ગોઠવવા.

(૮) બાળકોની સુરક્ષા માટે વાલીઓ/શિક્ષકો/વિદ્યાર્થીઓની સમિતિની રચના કરવી અને તેની દર માસે મીટીંગ થાય, મીટીંગની નોંધ રાખવી અને તેના પ્રતિભાવો લેતા રહેવું.

(૯) જે શાળાની બાઉન્ડરી વોલ નીચી હશે તેની ઉંચાઈ વધારીને ૬ ફુટ કરવાની રહેશે.

(૧૦) ખાલી ઓરડાની ચાવી આચાર્યએ પોતાની પાસે રાખવી.

(૧૧) શાળાઓમાં ઈમર્જન્સી ફોન નંબરના બોર્ડ લગાડવા તથા વિદ્યાર્થીઓને માહિતગાર કરવા, વાલીઓને સમજ આપવી તથા શૈક્ષણિક વિસ્તારના નજીકમાં કેમિકલ એકમો, કે અન્ય જાનહાનિ સર્જે (દા.ત.

ગેસ લીકેજ, વિસ્ફોટ જેવી માનવ સર્જિત આફતો) જેવા એકમો ન હોય તે સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી.

(૧૨) ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકસન સોસાયટી ગુજરાત ગાંધીનગરની સૂચના મુજબ કોઇ પણ બાળકનું શારીરિક, માનસિક, સાંવેગિક શોષણ ન થાય, શારીરીક શિક્ષા ન કરવામાં આવે તે માટે જરૂરી પગલાં ભરવાં.

(૧૩) શાળા સ્ટાફ બહારના મુલકાતી વગેરે માટે આ સાથે સામેલ કોડ ઓફ કન્ડકટ, Do's & Dont's નું બોર્ડ મુકવું તથા જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, 1098 (child helpline ), 100, 101 વગેરે અગત્યના નંબરોનું બોર્ડ પણ મુકવું.

(૧૪) બાળકોની સુરક્ષા માટે ફોકલ પર્સનની નિમણૂંક કરવી (શાળાના આચાર્ય/સ્ટાફ પૈકી કોઇ એક) બાળકોને પડતી કોઇ પણ પ્રકારની મુશ્કેલી માટે ફોકલ પર્સન દ્રારા મનોવૈજ્ઞાનિક પધ્ધતિથી કાઉન્સેલીંગ કરી બાળકોની સમસ્યા વૈજ્ઞાનિક ઢબે દૂર કરવાની રહેશે.

(૧૫) બાળકોની મનોવૈજ્ઞાનિક, સાંવેગિક કે શારીરિક શોષણની સમસ્યાઓની માહિતી મેળવવા શાળાના વિદ્યાર્થીઓ પૈકી યોગ્ય હોય તેવા વિદ્યાર્થીને હેડબોય અને વિદ્યાર્થીનીને હેડગર્લ તરીકે નિમણૂક કરવી. જેથી હેડબોય કે હેડગર્લ શાળાના વિદ્યાર્થીઓ પાસેથી પણ જાણકારી મેળવી માહિતી મેળવી, શાળાના બાળ સુરક્ષા ફોકલ પર્સનને જાણ કરી શકે. જેથી સમયસર જરૂરી પગલાં શાળા દ્રારા લઇ શકાય.

(૧૬) શાળાની નજીક તમાકુ- ગૂટકા જેવી પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ ન થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે. કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ ગુ.રા. દ્રારા ક્રમાંકઃ- ટોબેકોસેલ/માર્ગદર્શન સૂચનાઓ/૦૮, તા. ૨૪/૦૯/૨૦૦૮ થી પરિપત્ર કરી સૂચનાઓ આપેલ છે તે મુજબ કાર્યવાહી કરવાલી રહેશે.

(૧૭) JJ Act, POSCO Act નો ભંગ થતો હોય ત્યારે તાત્કાલિક પોલીસનો સંપર્ક કરી કાર્યવાહી કરવાની રહેશે.

(૧૮) તમામ DEO/DPEO એ અત્રેની કચેરી દ્રારા આપેલ સૂચનાઓ/માર્ગદર્શિકા વગેરેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા કચેરીના AEI/EI/ક.નિ. વગેરે તમામ સ્ટાફને તથા SMC/PTAને પણ આ સૂચના/ માર્ગદર્શિકાથી વાકેફ કરવા અને તેનું પાલન કરવા સૂચના આપવી.

(૧૯) શાળામાં બાળકોની સલામતી માટે SMC સાથે ચર્ચા કરવી તથા ગ્રામસભામાં પણ આ બાબતે માર્ગદર્શન આપવા અને ગાઇડલાઇનની જાણકારી આપવા જિલ્લા વિકાસ અધિકારી તથા પંચાયતને જાણ કરવી.

(૨૦) DEO/DPEO શાળાના સંચાલકો/આચાર્યને ગાઇડલાઇનની જાણકારી આપી માસિક બેઠકમાં બાળકોની સલામતી અંગેના મુદાનો સમાવેશ કરી સમીક્ષા કરવી.

(૨૧) GCERT/DIET દ્રારા પણ શિક્ષકોની તાલીમમાં આ ગાઇડલાઇનનો સમાવેશ કરવાનો રહેશે.

(૨૨) જિલ્લા કક્ષાએથી DEO/DPEO એ પ્રેસનોટ આપી ગાઇડલાઇનનો પ્રચાર-પ્રસાર કરવો.

(૨૩) દરેક શાળામાં તમામ વર્ગખંડો તેમજ મહેકમની તમામ જગ્યાએ CCTV કેમેરા ગોઠવવામાં આવે તે માટે તાત્કાલિક કાર્યવાહી કરવી. CCTV કેમેરાના રેકોર્ડીંગનું ૧ (એક) માસનું બેકઅપ લઈ શકાય તેવી વ્યવસ્થા કરવી.

(૨૪) દરેક શાળા પાસેથી બાળકોની સલામતી માટે સ્કૂલ સેફટી પોલિસી-૨૦૧૬ અને બાળકોની સલામતી માટેની ગાઈડલાઈન નું પાલન કરવાની બાહેધરી મેળવી લેવાની રહેશે. જે શાળા બારેધરી ના આપે તે શાળા સામે કાયદેસર પગલાં ભરી માન્યતા રદ કરવા સુધીના શિક્ષાત્મક પગલાં ભરવાના રહેશે.

(૨૫) નવી શાળાની માન્યતા વખતે પણ સ્કૂલ સેફટી પોલિસી-૨૦૧૬ અને બાળકોની સલામતી માટેની ગાઈડલાઈનના પાલન માટે બાહેધરી મેળવવાની રહેશે.

(૨૬) શાળા સલામતી નિતી અંગેની માર્ગદર્શિકા- ૨૦૧૬, એનેક્ષર ૮ (૧) અને એનેક્ષર ૮ (૨) મુજબ કાર્યવાહી કરી જરૂરી વિગતો ભરવાની રહેશે.

અત્રેથી આપેલ સૂચનાઓનો ભંગ કરનાર શાળાઓ સામે માન્યતા રદ કરવા સુધીના પગલા લઈ શકાશે. જેથી આ બાબતે આપની કક્ષાએથી શાળાનું બિલ્ડીંગ, વાતાવરણ, તાલીમ, ટ્રાન્સપોર્ટેશન વગેરે સંદર્ભે ચકાસણી કરાવી લેવા અને તેનો અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

વધુમાં, નવી ખાનગી પ્રાથમિક શાળાની મંજૂરી આપતી વખતે School Safety Policy-2016ના અમલ અંગે તથા બાળકોની સલામતી માટેની ગાઈડ લાઈનના અમલ માટે જરૂરી પગલાં શાળાએ લીધેલ હોય અને તેના અમલ માટે બાંહેધરી આપેલ હોય તો જ મંજુરી આપવી તથા વિદ્યમાન શાળાઓમાં પણ ઉપરોક્ત બાબતની અમલવારી માટે જરૂરી બાંહેધરી મેળવી લેવાની રહેશે. શાળાની મુલાકાત દરમિયાન ઉપરોક્ત બાબતોનું ખાસ નિરીક્ષણ કરવાનું રહેશે.

શાળા સમિતિના ધોરણોનું ચેકલીસ્ટ, એનેક્ષર- ૮ (૧) અને એનેક્ષર- ૮ (૨)ની નકલ તમામ શાળાઓને પહોંચાડી, ત્રણ મહિનામાં શાળાઓની તપાસણી કરી શાળાઓ પાસેથી શાળાવાર પત્રકો મેળવી તમારી કચેરીએ રાખવાના રહેશે. દરેક શાળાએ પણ ચેકલીસ્ટ, એનેક્ષર- ૮ (૧) અને એનેક્ષર- ૮ (૨)ની વિગતો શાળામાં ઉપલબ્ધ રાખવાની રહેશે. જિલ્લા કક્ષાએથી દરમાસે શાળા સલામતી અંગે સમીક્ષા કરવાની રહેશે.

(ડો. એમ. આઈ. જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

D/Sagar/ખ-૨

# શાળામાં સલામતિના ધોરણોની ચકાસણી માટેનું ચેક લિસ્ટ

જિલ્લો:...........

શાળા મંડળનું નામ/સરનામું : ...........................................................................

શાળાનું નામ/સરનામું. : ...........................................................................

શિક્ષણનું માધ્યમ : ...........................................................................

**શાળાનો પ્રકાર : –**

૧. કુમાર/કન્યા/મિશ્ર ...........................................................

૨. સરકારી/અનુદાનિત બિન સરકારી/બિન અનુદાનિત પ્રાથમિક શાળા...............

૩. કયા બોર્ડ સાથે એફિલેશન ધરાવે છે?...............................................

૪. કેન્દ્ર સરકાર સંચાલિત શાળા ...........................................................

**શાળાની માહિતી : –**

૧. શાળાના શૈક્ષણિક સ્ટાફની સંખ્યા ...................................................

૨. શાળાના વહીવટી/બિન શૈક્ષણિક સ્ટાફની સંખ્યા ...................................

૩. શાળાન વર્ગ–૪ના કર્મચારીની સંખ્યા ...................................................

| ક્રમ | વિગત | હા/ના | વિશેષ નોંધ |
|---|---|---|---|
| ૧. | શાળાના તમામ સ્ટાફનું વેરીફિકેશન સંબંધિત પોલીસ સ્ટેશને કરાવેલ છે ? | | |
| ૨. | શાળાના તમામ સ્ટાફનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરાવેલ છે ? | | |
| ૩. | શાળાના તમામ સ્ટાફનો ડેટાબેઝ તૈયાર કરેલ છે ? | | |
| ૪. | શાળા સ્ટાફ અને વિદ્યાર્થીઓના ટ્રાન્સપોર્ટેશન બાબતે સલામતીના પગલાં લીધેલ છે ? | | |
| ૫. | બાળકો/શાળા સ્ટાફ/ટ્રાન્સપોર્ટેશન સ્ટાફ/ બાળકોના વાલીઓને બાળકોની સલામતી માટે જાગૃત કરેલ છે ? | | |
| ૬. | બાળકોની સલામતી માટે શાળામાં નોડલ કર્મચારીની નિમણૂક કરેલ છે ? | | |
| ૭. | શાળામાં વર્ગો/વિદ્યાર્થી સંખ્યાને ધ્યાનમાં રાખી ફાયર સેફ્ટીની પૂરતી વ્યવસ્થા કરેલ છે કે કેમ? | | |
| ૮. | પ્રયોગશાળા ખંડમાં અગ્નિશામક સાધનોની વ્યવસ્થા, વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખીને કેમીકલ્સની જાળવણીની વ્યવસ્થા, બહાર નીકળવા માટેના પૂરતા રસ્તાઓ, વગેરેની પૂરતી વ્યવસ્થા છે કે કેમ? | | |
| ૯ | શાળામાં વર્ગખંડમાં તથા લાંબી, ગ્રાઉન્ડ, પરીસરમાં CCTV કેમેરા ગોઠવેલ છે?<br>વર્ગખંડોની સંખ્યા:–<br>CCTV કેમેરાની સંખ્યા:– | | |
| ૧૦ | શાળામાં બાળ સુરક્ષા ફોકલ પર્સનની નિમણૂક કરવામાં આવેલ છે? | | |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | શાળામાં બાળકોની સમસ્યાની જાણકારી માટે હેડ બોય કે હેડ ગર્લની નિમણૂંક કરવામાં આવેલ છે? | | |
| ૧૨ | શાળામાં બાળકોની સલામતી માટે શાળા સ્ટાફ અને મુલાકાતી માટે કોડ ઓફ કન્ડકટનું બોર્ડ લગાવેલ છે? | | |
| ૧૩ | વિદ્યાર્થીઓના સ્વાસ્થને હાનિ પહોચાડે અથવા અકસ્માત ઉભા કરે તેવા હાનિકારક રસાયણો, ઔધોગિક પ્રવૃતિ અથવા અન્ય પ્રકારની અસલામતિ ઉભી કરે તેવી પ્રવૃતિઓથી શાળા મુકત અને સલામત છે કે કેમ? | | |
| ૧૪ | શાળાના મકાનની આજુબાજુ અથવા ઉપર નીચે જોખમ ઉભું કરે તેવા વ્યવસાયિક એકમ, ગોડાઉન, વાણિજિયક પ્રવૃત્તિ અથવા અન્ય પ્રવૃત્તિઓર્થી શાળા મુક્ત અને સલામત છે કે કેમ? | | |
| ૧૫ | શાળાનું મકાન અને અન્ય ભૌતિક સુવિધાઓનું સ્ટ્રકચર વિદ્યાર્થીઓ માટે સલામત છે કે કેમ? | | |
| ૧૬ | જે શાળાનું મકાન એક અથવા એકથી વધુ માળ ધરાવતું હોય તેવા મકાનના બંને છેડે ઓછામાં ઓછી એક-એક મળી કુલ બે સીડીની વ્યવસ્થા છે કે કેમ? | | |
| ૧૭ | શાળાનું ઈલેક્ટ્રીક ફીટીંગ સલામત રીતે કરવામાં આવેલ છે કે કેમ? | | |
| ૧૮ | ઈલેક્ટ્રીક શોર્ટ સર્કીટ અથવા અકસ્માત નિવારવા માટે એલસીબી/એમસીબી સ્વીચ વગૈરે જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવેલ છે કે કેમ? | | |
| ૧૯ | વિદ્યાર્થીઓના જાનને જોખમરૂપ બને તેવા ખુલ્લા ઢાંકણવાળા પાણીના ટાંકા, ખુલ્લી ગટર, ખુલ્લુ વાયરીંગ, વગૈરેથી શાળા મુક્ત છે કે કેમ? | | |
| ૨૦ | ચોખ્ખા પાણીની વ્યવસ્થા અલગ સેનિટેશન વ્યવસ્થા, ગંદા પાણીના નિકાલ માટે ગટરની પુરતી સુવિધા, મકાનની યોગ્ય જાળવણી અને સાફ સફાઈ માટેની પુરતી તકેદારી રાખવામાં આવે છે કે કેમ? | | |
| ૨૧ | નિર્મળ ગુજરાત ૨૦૦૭ અંતર્ગત ભીનો/સૂકો કચરો એકત્ર કરી, નિકાલની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે? | | |
| ૨૨ | રમતગમતના મેદાનની પુરતી જોગવાઈ છે કે કેમ? | | |

વિદ્યાર્થીઓની સલામતિ, સુવિધાઓ અને સ્વચ્છતાનાં સંદર્ભમાં તપાસ કરનાર અધિકારીનો ટૂંકો અહેવાલ (પોતાના સ્વયંસ્પષ્ટ અભિપ્રાય સાથે)

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

સ્થળ :- ..............................................................................................................

તારીખ :-

D/Sagar/ખ-૨

તપાસ કરનાર અધિકારી/કર્મચારીનું નામ :..................................

હોદ્દો :..................................

કચેરીનું નામ :..................................

અધિકારી/કર્મચારીની સહી :..................................

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી / જિલ્લા શિક્ષણાધિકારીની ટૂંકી નોંધ (સ્પષ્ટ અભિપ્રાય આપવો)

..................................................................................................................................

..................................................................................................................................

..................................................................................................................................

..................................................................................................................................

સ્થળ :-

તારીખ :-

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/
જિલ્લા શિક્ષણાધિકારીની સહી/સિક્કો

## શાળા સલામતી નિતી અંગેની માર્ગદર્શિકા- ૨૦૧૬ એનેક્ષર- ૮ (૧)

## શાળા પ્રોફાઇલની વિગતો

(૧) શાળાનું નામ અને શાળાનો ડાયસ કોડઃ-

(૨) શાળાનું સરનામું અને પીન કોડઃ-

(3) સંપર્ક નંબર

(૪) શિક્ષકોની સંખ્યાઃ પુરૂષ ____________ સ્ત્રી ____________

(૫) વિદ્યાર્થીઓની સંખ્યાઃ કુમાર ______________ કન્યા ____________

(૬) દિવ્યાંગ વિદ્યાર્થીઓની સંખ્યાઃ કુમાર ______________ કન્યા ____________

(૭) દિવ્યાંગતાનો પ્રકાર દર્શાવોઃ

(૮) શાળા મકાન બાંધકામની તારીખઃ

(૯) શાળાના કમ્પાઉન્ડમાં રહેલ મકાન (બિલ્ડીંગ)ની સંખ્યા

(૧૦) વર્ગ ખંડોની સંખ્યાઃ ______________

- રસાયણશાસ્ત્રની લેબોરેટરીની સંખ્યા
- ભૌતિકશાસ્ત્રની લેબોરેટરીની સંખ્યા
- જીવશાસ્ત્રની લેબોરેટરીની સંખ્યા

(૧૧) શાળા કેટલા માળ (Floor) ની છે?

(૧૨) પગથીયાઓની સંખ્યાઃ

(૧૩) શુ શાળામાં રસોડું છે. હા/ના ____________

- જો હા તો, ગેસ સ્ટવ કે ખુલ્લુ રસોડું કે રસોઇ ગેસનો ઉપયોગ કરો છો?

(૧૪) શું શાળા પાસે અલગ-અલગ શોચાલય છે? કુમાર હા/ના કન્યા હા/ના સ્ટાફઃ હા/ના

(૧૫) પીવાના પાણીના નળની સંખ્યા

(૧૬) રમતના મેદાનનું માપ અને ખુલ્લો વિસ્તાર

(૧૭) ફાયર એકસીટીંગ્યુશર (Extinguisher) લગાડેલ છે? હા/ના

- જો હા તો, ફાયર એકસીટીંગ્યુશર (અગ્નીશામકોની) સંખ્યા
- છેલ્લે તપાસણી કર્યાની તારીખ

(૧૮) રેતી ભરેલ ડોલ લગાડેલ હોયતો સંખ્યાઃ

(૧૯) શાળામાંથી તાત્કાલિક બહાર નીકળવા માટેની કવાયતનું આયોજન થયેલ છે? હા/ના

- જો હા તો, આ કવાયતનું આયોજન કર્યા તારીખ અને ભાગ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યાઃ

(આચાર્યની સહી)

## આપત્તિ વ્યવસ્થાપન યોજના માટેનું ચેકલીસ્ટ

શાળાનું નામ અને સરનામું- ______________________ તારીખઃ- __________

| | | હા |
|---|---|---|
| (૧) | શું આપત્તિ સમયના (ઇમરજન્સી) નંબરોની સંબંધિત વિભાગ સાથે ખરાઇ કરવામાં આવી છે? | ☐ |
| (૨) | શું આપત્તિ સમયના નંબરોની યાદી વિશિષ્ટ રીતે આચાર્યશ્રીના રૂમમાં પ્રદર્શિત કરવામાં આવ્યા છે? | ☐ |
| (૩) | આપત્તિ અંગેની જાણકારી સરકારી સેવાઓને તેમજ સંબંધિત શિક્ષણ સત્તાધિકારી સુધી પહોંચાડવા માટેની પ્રક્રિયા યોજનામાં સ્પષ્ટ રીતે દર્શાવેલ છે? | ☐ |
| (૪) | કાર્યસ્થળના આસપાસના એક કિલોમીટરની સુધીમાં રહેલ સંભવિત જોખમો ઓળખી કઢાયેલ છે? | ☐ |
| (૫) | શું (આપત્તિ સમયે) બહાર નીકળવાની વિગતો યોજનામાં સ્પષ્ટ રીતે દર્શાવેલ છે? | ☐ |
| (૬) | ટાસ્ક ફોર્સ, ટીમ લીડર, વર્ગ શિક્ષકો, ઓફિસ સ્ટાફ અને વિદ્યાર્થીઓ સહિત અગત્યના વ્યકિતઓની ભૂમિકા અને જવાબદારીઓ સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવેલ છે? | ☐ |
| (૭) | આપત્તિ દરમિયાન અને ત્યાર બાદ વિદ્યાર્થીઓની દેખરેખ રાખવા માટે સ્ટાફની જવાબદારીઓ અને ફરજો સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવી છે? | ☐ |
| (૮) | શું યોજનામાં ધોરણ- ૫ થી નીચેના નબળાં પર ધ્યાન અપાયું છે? | ☐ |
| (૯) | શું યોજના બાળકોની વિશિષ્ટ શારીરીક, માનસિક અને તબીબી જરૂરીયાતોને સંતોષે છે? | ☐ |
| (૧૦) | આપત્તિ વ્યવસ્થાપન ટીમને કેવી રીતે તાલીમબધ્ધ કરી શકાય તે યોજનામાં દર્શાવવામાં આવ્યું છે? | ☐ |
| (૧૧) | મોક ડ્રીલ કયારે યોજવામાં આવશે તેનું કેલેન્ડર યોજનામાં આપવામાં આવ્યું છે? | ☐ |
| (૧૨) | શું યોજનાનું સ્થાનિક પોલિસ અને ફાયર બ્રિગેડ પાસેથી સમર્થન મેળવવામાં આવ્યું છે? | ☐ |

(આચાર્યની સહી)

# કોડ ઓફ કન્ડકટ (આચાર સંહિતા)

બાળકોનો દુરૂપયોગની ઘટનાઓ નિવારવા માટે શાળાના દરેક કર્મચારીઓ, બાહ્ય વ્યકિતઓ અને, મુલકાતીઓએ દર્શાવેલ આચારસંહિતાનું સખ્તાઇથી પાલન કરવાનું રહેશે.

- **યોગ્ય વર્તન (શું કરવું) (Do's)**

  - બાળકો પ્રત્યે પ્રેમાળ બનો, કાળજી લો, અને તેઓની જરૂરીયાતોને સમજો
  - સ્વાસ્થય સંબંધી, અધ્યયન અક્ષમતાઓ, માનસિક અક્ષમતાઓ કે સાંવેગિક જરૂરીયાતો જેવી વિશિષ્ટ જરૂરીયાતની પરિસ્થિતઓમાં સંવેદનશીલ રહો
  - કોઇ ખરાબ કાર્ય કે સંભવિત દુરુપયોગ દર્શાવતા વર્તનને અટકાવવા માટે જવાબદારી સ્વીકારો
  - બાળકો કોઇપણ પ્રકારના ભય વિના શિક્ષકો/આચાર્ય/SMC/CPC ના સભ્યો સાથે વાત કરે તે માટે પ્રોત્સાહિત કરો.
  - કોઇપણ પ્રકારના શંકાસ્પદ વર્તન/ દુરુપયોગની શંકાસ્પદ ઘટના અંગે તાત્કાલિક સંલગ્ન સત્તા મંડળને જાણ કરો.
  - મુલાકાત માટે દરેક મુલાકાતી શિક્ષણ વિભાગ/ આચાર્ય/શાળા વ્યવસ્થાપન સમિતિની મંજુરી મેળવે તે સુનિશ્ચિત કરો. આવી મુલાકાત શિક્ષક/આચાર્યની હાજરીમાં જ થવી જોઇએ.
  - બાળકની મંજુરી મેળવ્યા બાદ જ મુલાકાતી ધ્વારા સ્ટાફની હાજરીમાં જ બાળક સાથે પ્રત્યાયન થાય તે સુનિશ્ચિત કરવું.
  - કોઇ બાળકો સાથે બનેલ ગુના કે બાળકના દુરુપયોગ અંગે બનેલ ઘટનાને તાત્કાલિક જાણ કરવી.
  - સુરક્ષિત ભૌતિક વાતાવરણ સુનિશ્ચિત કરવું જેમ કે વર્ગ ખંડમાં ગેસ સિલિન્ડર, મેદાનમાં લોખંડના ટુકડાઓ, શાળા સંકુલમાં કચરો નાંખવો વગેરે બાબત ન થવી જોઇએ.

## ➢ અયોગ્ય વર્તન કરવું (શું ન કરવુ) (Don't's)

- જયાં સુધી સંબંધિત સત્તાધિકારીએ મંજુરી આપી ન હોય ત્યાં સુધી કોઇ બાળક સાથે અન્ય બાળકોથી અલગ રીતે એકલામાં વધુ સમય ન ગાળવો.
- બાળકોને શારીરિક હુમલો કે શારીરિક દુરુયોગ કે ભેદભાવ દર્શાવતી અપમાનજનક કે દુ:ખ પહોંચાડે તેવી ભાષાનો ઉપયોગ ન કરવો.
- શાળામાં નિયમિત રીતે કરવાના થતા કાર્યો સિવાયના કાર્યોમાં બાળકોને જોડવા નહીં. અથવા બાળકોના શારીરિક, સાંવેગિક અને માનસિક વિકાસને અવરોધે તેવા કાર્યો ન સોંપવા
- કોઇપણ રીતે શોષણ કે દુરુપયોગની શ્રેણીમાં આવતી બાબતો સંદર્ભે બાળકો સાથે સંબંધો વિકસાવવા નહીં.
- અશ્લિલ /પોર્નોગ્રાફીક  (ફોટોગ્રાફસ કે વિડિયોકલીપ) મોબાઇલ ફોનમાં સંગ્રહ રાખવા નહિં અને બાળકોને બતાવવા નહીં.
- બાકળકો અશ્લિલ કાર્યોમાં જોડાયેલ હોય તેવા કોઇપણ પ્રકારના સાહિત્ય શોધવા, પ્રકાશિત કરવા કે પ્રસારિત કરવા નહીં કે આ કાર્યોમાં જોડાવું નહી કે બતાવવું નહીં કે અશ્લિલ જણાતી બાબતોનો ભાષામાં પ્રયોગ કરવો નહીં કે બાળકોના ફોટોગ્રાફસ લેવા નહિં.
- બાળકો અશ્લિલ અથવા અશિષ્ટ અથવા લૈગિંક કાર્યો સાથે જોડાયેલ હોય તેવા કોઇપણ પ્રકારના ઇલેકટ્રોનીક સાહિત્ય કે ડીઝીટલ ઇમેજ તૈયાર કરવા નહીં અને/ કે આવા સાહિત્ય / ઇમેજ ભેગા કરવા નહીં માંગણી કરવી નહીં, શોધવા નહીં, ડાઉનલોડ કરવા નહીં, જાહેરાત કરવી નહીં, પ્રચાર કરવો નહી, આપ-લે કરવી નહિ ક વહેચવી નહિ
- અયોગ્ય કે અશ્લિલતા પ્રદર્શિત કરતું હોય તેવુ કોઇપણ પ્રકારનું વર્તન દર્શાવવું નહી અને એક જ પથારીમાં બાળક સાથે સૂવું નહિ. કોઇપણ પ્રકારની એકસપોઝર મુલાકાત દરમ્યાન જરુરીયાત ઉભી થાય ત્યારે એક રૂમમાં સૂઇ શકાશે
- બાળકો માટે ગેરકાનૂની, બિન સલામત કે દુરવર્તન દર્શાવતા કોઇપણ વર્તનમાં જોડવું નહિ અને આવા કાર્યને માફ કરવા નહિ.

## - : પરિશિષ્ટ : -

## ➢ બાળકોની સુરક્ષા અને સલામતી માટેની માર્ગદર્શક રૂપરેખા :-

### ૧. પાર્શ્વભૂમિકા :-

૧.૧ : બાળકોની વૃદ્ધિ અને વિકાસ માટે બાળકોને તંદુરસ્તી અને સહાયરૂપ પર્યાવરણની જરૂર હોય છે. બધા બાળકોને સારી રીતે જીવવાનો અધિકાર છે અને સુરક્ષિત પર્યાવરણની તેઓના વિકાસ માટે તાતી જરૂર છે. તેમના વૃદ્ધિ અને વિકાસ માટે યોગ્ય સંરક્ષણાત્મક અને સંચાલક પર્યાવરણની જરૂરીયાત છે. શાળાકીય પર્યાવરણ એ બાળકોના સંર્વાંગી વિકાસ, વૃદ્ધિ તેમજ સમજદારી પૂર્વકના વર્તન, સુરક્ષા અને સલામતી સાથે ધરાવે છે.

૧.૨ : ૧૦૦ % બાળકોને શાળા સુધી પહોચાડવા માટેના પ્રયત્નોમાં રાજ્ય સરકારે સફળતા પ્રાપ્ત કરી લીધી છે. પ્રાથમિક શાળા કક્ષાએ બાળકોની નોંધણી સાર્વત્રિક સ્વરૂપમાં પ્રાપ્ત થઈ ગયેલ છે. બાળકોની નોંધણી માટે જે પ્રયત્નો કરવામાં આવ્યા છે તે પ્રયત્નોની સાથે બાળકોને સલામતી અને વિદ્યાર્થીઓને સુરક્ષા કવચ મળી રહે તે માટેના પૂરક પ્રયત્નો કરવા પણ જરૂરી બને છે. શાળાઓ માટે એ બાબત અનિવાર્યપણે જરૂરી છે કે તે તેમની શાળામાં ભણતા બાળકોને કુદરતી આફતો, આરોગ્યના પ્રશ્નો, જાતીય હુમલા, હિંસા અને અકસ્માતો સામે સુરક્ષા આપે.

૧.૩ : બાળકોની સુરક્ષા અને સલામતી માટે કાયદામાં વૈધાનિક જોગવાઈઓ છે અને તેના ઉપર દેખરેખ રાખવા માટે પણ કેટલીક એજન્સીઓ નિયત કરવામાં આવેલ છે. શાળા બાળકોને ઘર જેવું અને સલામતીપૂર્ણ પર્યાવરણ પુરૂ પાડે છે કે કેમ તે જોવા માટે આયોજન કરવા અને સતત દેખરેખ રાખવી જરૂરી છે. આ માટે નીચે દર્શાવેલ કાયદાકીય જોગવાઈઓ કરવામાં આવે છે.

### ૨. કાયદાકીય જોગવાઈ :

૨.૧ : કાયદાકીય જોગવાઈઓ :

ભારતના બંધારણની કલમ -૨૧ મુજબ ૧૪ વર્ષની વય સુધી બાળકોને નિ:શુલ્ક અને ફરજીયાત શિક્ષણની જોગવાઈ કરેલ છે. જેમાં બાળકોની જીંદગીને સુરક્ષાનો હક પણ આપવામાં આવેલ છે. બાળકોની કોઈપણ પ્રકારની સતામણી કરવામાં આવે તે બાળકોના સ્વાતંત્ર્ય સામે પ્રશ્ન ઉભા કરે છે. બાળકના શિક્ષણ મેળવવાના અધિકાર ઉપર ભય ઉભો થાય છે. કારણ કે ડરના કારણે બાળકો શાળાએ જતા અટકી જાય છે અથવા અધવચ્ચે અભ્યાસ છોડી પણ દેતા હોય છે. આથી શાળામાં બાળકોને

કરવામાં આવતી શારીરિક શિક્ષાઓ જેવી કે ફટકા મારવા, ઉઠ-બેસ કરાવવી, ઈત્યાદી બાળકના સારી રીતે જીવવાના અધિકાર ઉપર તરાપ મારે છે.

બંધારણની કલમ-૨૧(અ) મુજબ "રાજ્યમાં બાળકો ૧૪ વર્ષની ઉંમર પ્રાપ્ત કરે ત્યાં સુધી નિ:શુલ્ક અને ફરજીયાત શિક્ષણ આપવાની જોગવાઈ કરવામાં આવી છે અને તે મુજબ કાયદામાં પણ કોઈપણ પ્રકારની શારીરિક શિક્ષાઓ કરતા પહેલા RTE Act – 2009 અનુસાર કેટલાક પ્રતિબંધો અમલમાં મુકવામાં આવેલા છે.

બંધારણની કલમ ૩૯ (ક) મુજબ એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે બાળકોની નાજુક ઉંમર દરમ્યાન તેમની સતામણી ન થાય તે સતત જોવું. બંધારણની કલમ -૩૯ (ક) મુજબ એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે રાજ્ય દ્વારા સતત એ બાબતની કાળજી લેવામાં આવે કે બાળકોને તેમના વિકાસ માટેની પૂરતી તકો અને સુવિધાઓ આપવામાં આવે જેથી તેમની સ્વંતત્રતા પણ જળવાઈ રહે અને તેમનું શોષણ કોઈના દ્વારા થાય નહી.

<u>૨.૨ : ભારતીય દંડ સહિતા (IPC) :</u>

IPC માં કેટલીક જોગવાઈઓ કરેલી છે જે બાળકોને શારીરિક નુકશાન ન થાય તે જોવા સૂચવે છે. જેમાં નીચે મુજબની જોગવાઈઓ છે.

- કલમ – ૩૦૫ : બાળક દ્વારા આપઘાતનો પ્રયત્ન.
- કલમ – ૩૨૩ : સ્વૈચ્છિક રીતે પોતાની જાતને ઈજા પહોંચાડવી.
- કલમ – ૩૨૫ : સ્વૈચ્છિક રીતે પોતાની જાતને ઈજાગ્રસ્ત કરવી.
- કલમ – ૩૨૬ : સ્વૈચ્છિક રીતે પોતાની જાતને ઘાતકી હથિયાર અથવા સાધનો વડે ઈજા કરવી.
- કલમ – ૩૬૨ : ગુનાખોરી યુક્ત હુમલા કરવા.
- કલમ – ૩૫૪ : સ્ત્રીના સન્માનને જોખમમાં મુકવું.
- કલમ – ૫૦૬ : ગુનાહિત કૃત્યો આચરવા.
- કલમ – ૫૦૯ – અપશબ્દો ઉચ્ચારવા, ચેનચાળા કરવા, સ્ત્રીનું અપમાન કરવું.

તાજેતરમાં કલમ - ૮૮ અને ૮૯ જે IPC માં છે તેમાં સમજાવવામાં આવેલ છે કે શિક્ષકો દ્વારા જે શિક્ષાઓ કરવામાં આવે છે, તે બે જોગવાઈઓને સામાન્ય અપવાદ તરીકે પ્રકરણમાં મુકવામાં આવેલ છે. કલમ-૮૮ પ્રમાણે તે કાર્યમાંથી ગુનો બનવામાંથી બાકાત રાખવામાં આવે છે અને કોઈને ઈજા કરવામાં આવી હોય તો તેને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. તેમજ કલમ-૮૯ પ્રમાણે ૧૨ વર્ષથી નીચેની ઉંમરના બાળક દ્વારા કોઈ ગુનો આચરવામાં આવ્યો હોય તો તેમના વાલીને કાયદેસર ગુનેગાર

સમજવામાં આવે છે. આમ છતા કલમ -૮૮ અને ૮૯ IPC ને ધ્યાનમાં લેતા ગુજરાત હાઈકોર્ટ દ્વારા શ્રીહસમુખભાઈ ગોકળદાસ શાહ વિરૂદ્ધ ગુજરાત સરકાર તા.૧૭/૧૧/૨૦૦૮ ના ચુકાદામાં સ્પષ્ટપણે જણાવવામાં આવેલ છે કે શારીરિક શિક્ષાઓ જે આજકાલ બાળકોને કરવામાં આવે છે તેના નિયંત્રણ માટે કાયદા દ્વારા જોગવાઈ કરવામાં આવેલ.

૨.૩ : અનુસુચિત જાતિ અનેજનજાતિ (અટકાયત અને એટ્રોસીટી) કાયદો – 1989

અનુસુચિત જાતિ અને જનજાતિ (અટકાયત અને એટ્રોસીટી) એક્ટ-૧૯૮૯ મુજબ સામાન્ય કેટેગરીના પુખ્ત વ્યક્તિ દ્વારા અનુસુચિત જાતિ અને જનજાતિના બાળકને કોઈ શિક્ષા કરવામાં આવી હોય તો તેવી શિક્ષા કરનારની અટકાયત કરવામાં આવશે.

૨.૪ : નાગરિક અધિકારોના રક્ષણનો કાયદો- ૧૯૫૫

નાગરિક અધિકારોના રક્ષણનો કાયદો- ૧૯૫૫ મુજબ કોઈપણ વ્યક્તિ/મેનેજર/ટ્રસ્ટી અથવા સરકારની શૈક્ષણિક સંસ્થા અથવા હોસ્ટેલમાં અસ્પૃશ્યતાના કારણે કોઈ ગુનો આચરવામાં આવે તો તેમની અટકાયત થઈ શકે છે.

૨.૫ : બાળકોની જાતીય સતામણી સામે સરંક્ષણ કાયદો – ૨૦૧૨

બાળકો પર જાતીય હુમલા અથવા જાતીય સતામણી કરવી અથવા પોર્નોગ્રાફીના ઉપયોગ સામે આ કાયદો બાળકોનું રક્ષણ કરે છે અને તેના ટ્રાયલ માટે સ્પેશીયલ કોર્ટની રચના પણ કરવામાં આવેલ છે.

૨.૬ : બાળકોને નિ:શુલ્ક અને ફરજિયાત શિક્ષણનો અધિકાર કાયદો – ૨૦૦૯

આ કાયદા મુજબ નીચેની જોગવાઈ છે.

- કલમ-3 - દરેક બાળકોને નિ:શુલ્ક અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ કરેલ છે.
- સેક્શન - ૮ અને ૯ મુજબ એવી જોગવાઈ કરેલ છે કે જે તે સરકાર અને સ્થાનિક સંસ્થાએ તે બાબતની ખાતરી રાખવી કે બાળકજો નબળી પરિસ્થિતિમાં આવતું હોય (ગરીબાઈ) અથવા પ્રાથમિક શિક્ષણ પુરૂ કરી શક્યું ન હોય તેવા બાળકોને પણ પુરતી દરકાર રાખવી.
- કલમ-૧૭ : આ કલમ શિક્ષાત્મક જોગવાઈઓ નક્કી કરે છે અને સ્પષ્ટ કરે છે કે કોઈપણ બાળકને શારીરિક શિક્ષા અથવા માનસિક ત્રાસ આપવો નહી.

- કલમ-૧૯: શાળાના મકાન અંગે નિયમો નક્કી કરે છે.
  (a) શાળામાં શિક્ષક દીઠ ઓછામાં ઓછો એક વર્ગખંડ, એક ઓફીસ કમ સ્ટોર રૂમ અને એક હેડ માસ્તરનો રૂમ હોવો જોઈએ.
  (b) છોકરાઓ અને છોકરીઓ માટે અલાયદી ટોઈલેટની વ્યવસ્થા હોવી જોઇએ.
  (c) શુદ્ધ અને પુરતા પીવાના પાણીની વ્યવસ્થા બધા બાળકો માટે હોવી જોઈએ.
  (d) મધ્યાહ્ન ભોજન માટે રસોઈ કરી શકાય તેવું રસોડું હોવું જોઈએ.
  (e) રમતનું મેદાન હોવું જોઈએ.
  (f) શાળાના મકાન ફરતે દિવાલ અથવા વાડ હોવી જોઈએ.
  (g) RTE એક્ટમાં જે નિયમોની જોગવાઈ કરેલ છે તે બાળકોના અધિકારોનું રક્ષણ કરે છે તેમજ IPC હેઠળની જોગવાઈઓ અને SC – ST એટ્રોસીટી એક્ટ – ૧૯૮૯ ને પણ ધ્યાનમાં લેવાના રહેશે.

<u>૩. આંતરરાષ્ટ્રીય કાયદો :</u>

- UN-CRC કલમ – ૨૮ (૨) મુજબ રાજ્ય સત્તામંડળ દ્વારા બાળકોને પુરતું શિક્ષણ આપવામાં આવે તેમજ આ અંગેના જરૂરી તમામ પગલાઓ લેવામાં આવે તેવી જોગવાઈ છે.
- આર્ટીકલ – ૨૯(૧)(બ) મુજબ રાજ્ય તેમજ સ્થાનિક સંસ્થાઓ દ્વારા બાળકોના સંર્વાગી વિકાસ તેમજ માનવીય અધિકારો અને પાયાની સ્વતંત્રતા માટે જોગવાઈ છે તેનો અમલ કરવો.
- આર્ટીકલ – ૩૭ (અ) પ્રમાણે શાળામાં કોઈપણ બાળક ઉપર કોઈપણ પ્રકારનો માનસિક ત્રાસ આપવામાં આવે નહી. તેમજ તેની સાથે અમાનવીય વર્તન કરવામાં આવે નહી અથવા શિક્ષાઓ કરવામાં આવે નહી તેની શાળા તથા સરકારે કાળજી રાખવી.
- આર્ટીકલ – ૧૯(અ) મુજબ શાળામાં બાળક ઉપર કોઈપણ પ્રકારની શારીરિક શિક્ષા, માનસિક ત્રાસ, ઈજા અથવા તેના તરફ ઓરમાયુ વર્તન અથવા બાળકનું શોષણ અથવા બાળકની સાથે જાતિય અભદ્ર વર્તન થાય નહી તેની કાળજી રાખવી. તેના માટે સરકાર દ્વારા બધી વ્યાજબી કાયદાકીય, વહીવટી, સામાજીક અને શૈક્ષણિક બાબતો તકેદારીના પગલા સ્વરૂપે લેવી.
- આર્ટીકલ-૧૯ (૨) મુજબ આવા સરંક્ષાત્મક પગલા યોગ્ય રીતે લેવા અને અસરકારક કાર્યવાહી કરવી કે જે બાળકના વિકાસમાં મદદરૂપ હોય અને બાળકની પૂરતી કાળજી લેવામાં આવે.

## ૪. : હકારાત્મક પગલાની ભલામણ અથવા તો માર્ગદર્શક રૂપરેખા :-

બાળકની સુરક્ષા અને સલામતીની બાબતે તમામ કાર્યવાહી થવી જોઈએ.

### ૪.૧ : શારિરીક :-

#### ૪.૧.૧- શાળાનું સ્થળ:

શાળાનું સ્થળ હાઈવેની નજીક. જાહેર રસ્તાની નજીક. રેલ્વે ક્રોસીંગની નજીક અથવા સરોવર, તળાવ કે કેનાલની નજીક અથવા નદીઓની નજીક ન હોવું જોઈએ. કારણ કે તે બાળકના શિક્ષણમાં બાધારૂપ બને છે. મોટાભાગના બાળકો શાળામાં આવજા પોતાના વાલી વગર કરતા હોય છે. વળી રમવાના સમયે બાળકો આજુ-બાજુના અસલામત સ્થળોએ પણ ફરવા જતા હોય છે. જેમાં શાળા મકાનની આજુબાજુ બાંધકામ ચાલતા હોય અને તેવા સ્થળોએ બાંધકામનો સર-સામાન પણ પડેલ હોય તે બાળકોને ઈજા પણ પહોચાડી શકે છે. શાળાની આજુબાજુ બજાર આવેલા હોય અથવા તમાકુના વેચાણની દુકાનો આવેલી હોય તો બાળકના આરોગ્ય સામે જોખમ ઉભું થાય છે. સાંજના સમયે કેટલીક જગ્યાએ છોકરીઓની સતામણી કરવામાં આવતી હોય છે. જે શાળા તરફ જવાના રસ્તામાં અમુક જ સ્થળે આવેલા હોય, તે સ્થળો ઉપર પણ ચાંપતી નજર રાખવી, નહીતર શાળામાં છોકરીઓની સંખ્યામાં કાપ આવી શકે છે.

હવે પછી શાળાઓ માટેના સ્થળ પસંદગી માટેની ઉપરની બાબતો ધ્યાનમાં રાખવાની રહેશે અને હાલમાં જે શાળાઓ આવેલી છે તેના માટે પણ નીચેની બાબતો ધ્યાનમાં રાખવાની રહેશે.

- શાળાના મકાનની ફરતે દિવાલ અથવા ફેન્સીંગ હોવું જોઈએ અને લોક કરી શકાય તેવો દરવાજો હોવો જોઈએ.
- વાંધાજનક વસ્તુઓનું વેચાણ થતું હોય, દા.ત. તમાકુ અથવા નશાકારક પ્રદાર્થો, ઈત્યાદી, તો એવી દુકાનો અથવા ગલ્લા શાળાની આજુ-બાજુ ન હોવા જોઈએ. તે અંગે પણ પૂરતી દેખરેખ રાખવી.
- જ્યાં ટ્રાફીકની વ્યવસ્થા સારી હોય, બાળકોની સલામતી માટેની સુવિધાઓ હોય અને આજુ-બાજુ વાંધાજનક બાંધકામ ચાલતું ન હોય તેવા સ્થળને શાળા માટે નમુનારૂપ ગણવું.
- બાળક અને શિક્ષકોને ખાસ આફતો સામે જાગૃત રહેવા અને શાળાના રસ્તામાં કોઈ તકલીફ ન પડે તે અંગે તાલીમ આપવી.
- માં-બાપ પણ નજીકની શાળાથી માહિતગાર હોવા જોઈએ અને તેમને પસંદગી મળવી જોઈએ. જેથી કરીને બાળકોને બહુ દુરની મુસાફરી કરવી પડે નહિ.

- રાજ્ય સરકાર દ્વારા શાળાની બસનો રંગ તેમજ બાળકોને લાવવા તથા ઘરે લઈ જવા માટે વપરાતા વાહનો, તેનો ભૂતકાળ તેમજ ડ્રાયવર અને હેલ્પરની વિગતવાર માહિતી સ્થાનિક પોલીસે ચકાસવી જોઈએ અને તેનો રેકર્ડ રાખવો જોઈએ. શાળા દ્વારા જે બસો ચલાવવામાં આવતી હોય તેમાં હેલ્પર તરીકે સ્ત્રીઓને રાખવા માટે અગ્રિમતા આપવી જેથી છોકરીઓની સલામતી વધી શકે.

<u>૪.૧.૨ : શાળાનું મકાન :</u>

શાળાનું મકાન ભૌતિક રીતે મજબુત રહેવું જોઈએ અને બધા પ્રકારના હવામાનને માફક આવે તેવું તેમજ નીચેની સુવિધાઓ ધરાવતું હોવું જોઈએ.

- પીવાના પાણીનું સ્થળ અને ટોઈલેટ ચોખ્ખા હોવા જોઈએ તેમજ કચરાના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા હોવી જોઈએ.
- અલાયદુ રસોડું હોવું જોઈએ જ્યાં શેડ પણ હોય તેમજ સ્ટોરની સુવિધા પણ હોય અને જ્યાં રસોઈ કરવાની હોય તે સ્થળ જંતુ મુક્ત હોવું જોઈએ.
- ધરતીકંપ, આગ, અતિવૃષ્ટિ જેવી કુદરતી આફતો સામે રક્ષણ પુરૂ પાડે તેવું શાળાનું મકાન હોવું જોઈએ.
- શાળામાં ઝડપી સળગી ઉઠે તેવા પદાર્થો સાવધાની પૂર્વક સાચવવા જોઈએ. જેમ કે મધ્યાહ્ન ભોજન બનાવવા માટેનું બળતણ. જેથી શાળામાં કોઈ મોટી હોનારત થઈ શકે નહી.
- શાળામાં આફત સમયે બહાર નીકળવાની પુરતી વ્યવસ્થા હોવી જોઈએ.
- આગ લાગે તેવા સંજોગોમાં શાળામાં પુરતા પ્રમાણમાં પાણી અને રેતીનો જથ્થો હોવો જરૂરી છે અને અગ્નિશામક યંત્રો જરૂરીયાત મુજબ અચૂક વસાવવા જોઈએ.
- શાળાના મકાનની સેફ્ટીનું ઓડીટ દર વર્ષે થવું જોઈએ.
- શાળામાં મોટી હોનારત થાય નહી તે પ્રકારની મકાનની રચના હોવી જોઈએ. બાળકને શાળામાં વધુ સારી સગવડ મળે તેમજ કટોકટી વખતે બાળક તેનો સામનો કરી શકે તે પ્રકારનું શાળાકીય વાતાવરણ મળવું જોઈએ. શાળાકીય આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ ઘડવી જોઈએ તેમજ આપત્તિ વ્યવસ્થાપન ટીમ સાથે તેનું સંકલન હોવું જોઈએ. શાળામાં આપત્તિ સામે ઝઝુમવા તાલીમ આપવી જોઈએ.
- શાળામાં જોખમો સામે લડવાની ખાસ પ્રકારની પ્રવૃતિ હાથ ધરવી જોઈએ. જેથી બાળકોને પુરતી સલામતી મળી શકે.

- વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શાળાની આજુ-બાજુરહેતા લોકોને પણ શાળા દ્વારા બાળકોને સલામતી અને સુરક્ષા પુરા પડવામાં આવી રહ્યા છે તે અંગે માહિતગાર કરવા.

<u>૪.૧.૩ : શાળાનું મેદાન</u>

કેટલીક વખત શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે કવર નહી કરેલા વીજળીના ખુલ્લા વાયરો અને કેબલ ગંભીર હોનારત સર્જી શકે છે. બાળક જીજ્ઞાસાથી અથવા રમવાના મુડમાં અથવા અકસ્માતે આવા વાયરોને અડી જાય અથવા ખેંચે કે જે જીંવત વાયરો હોય છે. તેનાથી જીવલેણ અકસ્માત થવાની સંભાવના રહે છે. આવું ન બને તેની તકેદારી રાખવી. શાળામાં રમત-ગમતનું મેદાન પણ તેવું સમતલ હોવું જોઈએ કે બાળકો રમતા-રમતા કે દોડતા પડી જવાની ઘટનાઓ બને નહી. શાળાના મેદાનમાં કુવા ખોદવા કે બોરકુવા બનાવતી વખતે પુરતી સલામતી લેવી. જેથી બાળકો અંદર પડતા બચી શકે. શાળાના ઓરડાઓ કેમ્પસની અંદર એવી રીતે આવેલા જોઈએ કે તેમાં અસામાજીક પ્રવૃતિઓ બને જ નહી અને બાળકો માટે કોઈ હોનારત ઉભી થાય નહી. ખાસ કરીને વિદ્યાર્થીનીઓ માટે આ બાબત ધ્યાનમાં રાખવી. શાળામાં બાંધકામ કરતી વખતે વધારાના ઓરડા કે ટોઈલેટ બનાવતી વખતે સર-સામાન તેમજ બાંધકામ બાળકોને કોઈપણ રીતે નુકશાનકારક ન બને તે ધ્યાન રાખવું. કેમ્પસમાં સલામતી અંગેના તમામ પગલાઓ આચાર્ય તથા શિક્ષકો દ્વારા લેવાવા જોઈએ.

<u>૪.૧.૪ : વર્ગખંડો :</u>

વર્ગખંડોમાં બાળકોનું આરોગ્ય જળવાઈ રહે તે માટે વર્ગખંડોની દિવાલો ઉપર સમયાંતરે સફેદ ચુનો અથવા કલર કરાવતા રહેવું. વર્ગખંડની બારીઓ પણ સારી હોવી જોઈએ તેમજ તેના કાચ અથવા ફીટીંગ તુટેલું કે નબળી પરિસ્થિતિમાં લટકતું હોવું જોઈએ નહી. વર્ગખંડમાં કાળુ પાટીયું પણ વિદ્યાર્થીઓ વાંચી શકે તે રીતે લટકાવવું જોઈએ અથવા તો ટ્રીપોય અથવા ખુરશી ઉપર મુકવું જોઈએ. અથવા વર્ગખંડની દિવાલ પર લગાવવું જોઈએ. અન્યથા અકસ્માત થવાની સંભાવના રહે છે. વિદ્યાર્થીઓ વર્ગમાં અવર-જવર કરતા હોય ત્યારે તેમને શારીરિક ઈજા થઈ શકે તેમ હોય છે. શાળાના મકાનના બાંધકામ વખતે હવાની અવર-જવર માટે પુરતા વેન્ટીલેટર અને બારીઓ રાખવી જોઈએ જેથી વર્ગખંડમાં બાળકોને તાજી હવા મળી શકે, તેમની ક્ષમતામાં વધારો થાય અને અધ્યયન-અધ્યાપન પ્રવૃતિ અસરકારક બની શકે. વર્ગખંડમાં ભોંયતળીયું તુટેલું હોવું જોઈએ નહી. તેમજ નિયમિત રીતે વાર્ષિક રીપેરીંગ અને દેખરેખ રાખવી જોઈએ.

૪.૧.૫ : શાળામાં શિક્ષકો અને અન્ય કર્મચારીગણ :-

- શાળામાં શિક્ષકગણ તેમજ કરાર આધારિત અથવા તો અન્ય કર્મચારીગણ અંગે પણ સત્તામંડળોએ વિગતવાર નોંધ રાખવી મહત્વનું છે. વધારામાં, સરકારના વહીવટી વિભાગો તેમજ નિરીક્ષણ અધિકારીઓ દ્વારા પણ શિક્ષકો અને સ્ટાફનું નિયમિત રીતે ધ્યાન રાખવું જોઈએ.
- દરેક શાળામાં એક સ્ત્રી શિક્ષિકા હોવી જોઈએ અને જરૂર જણાય તો અન્ય જગ્યાઓ પણ જેવી કે રસોઈયા, મદદનીશ તેમજ અન્ય કર્મચારીગણ યોગ્ય રીતે નિમાયેલા હોવા જોવા જોઈએ. આચાર્યશ્રી, મુખ્ય શિક્ષક અને અન્ય શિક્ષક દ્વારા બાળકોને કોઈ મારઝુંડ ન થાય તેની કાળજી રાખવી જોઈએ.
- કેટલીક વખત શિક્ષક દ્વારા કે અન્ય કર્મચારી દ્વારા નશાકારક હાલતમાં શાળાનું વાતાવરણ બગાડવામાં આવે ત્યારે બાળકો સામે જોખમ ઉભું થાય છે. આવા સંજોગોમાં મુખ્ય શિક્ષકોએ આવા કોઈ કિસ્સા જરા પણ ચલાવી લેવા જોઈએ નહી.
- શાળામાં શિક્ષકોને સતત શિક્ષણ આપવું જોઈએ તેમજ આનું પદ્ધતિસર આયોજન કરવું જોઈએ, જેથી બાળકના શિક્ષણ મેળવવાના અધિકારોના સિદ્ધાંતોનું પાલન થઈ શકે તેમજ સુરક્ષા અને સલામતી ખાસ કરીને આપત્તિ ના સંજોગો તેમજ અકસ્માત વખતે પુરા પાડી શકાય તે મુજબ કાર્યવાહી કરવી જોઇએ. સરકાર દ્વારા શિક્ષકોને જ્યારે તાલીમ આપવામાં આવે ત્યારે રેડક્રોસ, રાષ્ટ્રીય અને રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ તેમજ સ્વૈચ્છિક સંગઠનો દ્વારા તાલીમ આપવાનું આયોજન કરી શકાય.
- બાળકોના અધિકારના રક્ષણ માટે તેમજ આપત્તિઓ સામે ઝઝુમવા માટે શિક્ષકોને માહિતગાર કરવા. પ્રી-સર્વિસ તાલીમ પણ આપવી જોઈએ. જેના લીધે આવનારા વર્ષોમાં જે નવા શિક્ષકો શિક્ષણના ઉમદા વ્યવસાયમાં પ્રવેશવાના છે, તેઓ પણ માહિતગાર થઈ શકે. પ્રી-સર્વિસ તાલીમમાં - સમાજમાં પ્રવર્તતા પૂર્વગ્રહો (છોકરાઓ અને છોકરીઓ માટેના ભેદભાવો) ને અટકાવવા માટે પણ શિક્ષકોને તાલીમ આપવી.

૪.૧.૬ : શાળાકીય પ્રવાસો :

શાળામાંથી જ્યારે જ્યારે પણ શાળાકીય પ્રવાસોનું આયોજન કરવામાં આવે ત્યારે બાળકોની સુરક્ષા અને સલામતીની તમામ જવાબદારી જે તે શાળા સત્તામંડળની હોય છે. આથી જે સ્થળે પ્રવાસ કરવાનો હોય તે સ્થળના રસ્તાઓની યોગ્યતા તપાસવી અને જે તે ડ્રાઈવર અંગે શાળાએ પુરતી માહિતી રાખવી. પ્રવાસે જતાં બાળકો સાથે પુરતા પ્રમાણમાં પુરૂષ અને સ્ત્રી શિક્ષકોને મોકલવા જેથી

તેઓ તમામ બાળકોની દેખરેખ રાખી શકે. બાળકોને રહેવા તથા જમવા માટેની વ્યવસ્થા તથા સુરક્ષા અને સલામતી ધ્યાનમાં લેવા.

### ૪.૨ : તંદુરસ્તી અને આરોગ્ય :

#### ૪.૨.૧ : પીવાનું પાણી :

બાળકોને પુરતા પ્રમાણમાં શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે પ્રમાણેની વ્યવસ્થા શાળામાં હોવી જોઈએ. મોટાભાગના રોગો પાણીની ગુણવત્તા કારણે ફેલાતા હોય છે. શાળા સત્તામંડળે આ બાબતની ખાતરી રાખવી અને પીવાનું પાણી શુદ્ધ હોય તે જોવું. જ્યાં જે શાળામાં સારી હાલતના પાતાળ કુવા હોય નહી અને પાઈપ દ્વારા પાણી આવતું હોય તેમજ તેનો સંગ્રહ મોટી ટાંકીઓ દ્વારા કરવામાં આવતો હોય, તો સમયાંતરે આવી ટાંકીઓમાં પાણી શુદ્ધ કરવા માટે ક્લોરીન ટેબ્લેટનો ઉપયોગ કરવો. તેમજ જાહેર આરોગ્ય વિભાગ સાથે અથવા સ્થાનિક પંચાયત અથવા પાલિકાતંત્રના સંપર્કમાં રહેવું.

#### ૪.૨.૨ : શૌચાલય :

દરેક શાળામાં છોકરાઓ – છોકરીઓ તેમજ સ્ટાફ માટે અલાયદા ટોયલેટ હોવા જરૂરી છે અને ટોઈલેટ શુદ્ધ રાખવા માટે પાણી પુરતા પ્રમાણમાં હોવું તે અગત્યની બાબત અને જરૂરીતાય છે. ટોઈલેટને શુદ્ધ રાખવા માટે સતત વહેતા પાણીની સુવિધા હોવી જોઈએ. જે અમુક શાળાઓમાં હોતી નથી. આવા સંજોગોમાં વૈકલ્પિક વ્યવસ્થા દ્વારા શૌચાલયો કાર્યરત રહે તે રીતે પાણીની ઉપલબ્ધ અને સંગ્રહની વ્યવસ્થા રાખવી.

#### ૪.૨.૩ : આરોગ્ય :

શાળામાં ભણતા બાળકોના આરોગ્ય માટે શિક્ષકોએ પુરતી દેખરેખ રાખવી તેમજ આ માટે શિક્ષકોને જરૂરી તાલીમ આપવી અને ખાસ કરીને રોગચાળાના સમયે શાળાના આજુ-બાજુના પરિસરમાં કોઈ મોટા રોગો થયા હોય તો તેને અટકાવવાના અને ઉપચારાત્મક ઉપાયો અચૂક કરવા. કેટલીક શાળામાં નશાકારક પદાર્થનો ઉપયોગ થતો હોય તેવા પણ અહેવાલો જાહેરમાં આવે છે. આવા સંજોગોમાં શિક્ષકો અને માતા-પિતા વચ્ચે અવાર-નવાર બેઠક થવી જોઈએ.

#### ૪.૨.૪ : મધ્યાહન ભોજન :

શાળામાં મધ્યાહન ભોજન તૈયાર કરતા રસોઈયાઓ અને મદદનીશોને શુદ્ધ અને સાત્વિક ભોજન તૈયાર કરવા માટેની સઘન અને સમાયાંતરે તાલીમ આપવી જોઈએ. શાળાની સ્થાનિક પરિસ્થિતિ જેવી કે પુરતી પાણીની સુવિધાઓ – સ્વચ્છતા વગેરે અંગે તાલીમમાં ધ્યાન આપવું જોઈએ.

રસોઈયાઓ તેમજ મદદનીશોને પણ ભૌતિક જરૂરીયાતની વસ્તુઓ અંગેનું જરૂરી જ્ઞાન આપવું જોઈએ જેથી તેઓ સ્થાનિક પ્રશ્નોનો નિકાલ લાવી શકે.

મધ્યાહ્ન ભોજન જમવાથી બાળકોમાં કોઈ વિપરીત સંજોગો અથવા અનિચ્છનીય અસરો ઉભી થાય ત્યારે ગુણવત્તા અને સલામતીના ધોરણો અંગે કેન્દ્ર સરકારના પરિપત્રથી જોગવાઈઓ કરેલ છે. તેની સુચનાઓ મુજબ અમલ કરવો.

## ૪.3 : મનોવૈજ્ઞાનિક પાસું :-

### ૪.3.૧ : શિક્ષા

બાળકોને શાબ્દિક, શારીરિક અથવા માનસિક શિક્ષાઓ કરવામાં આવે ત્યારે તેમના કુમળા માનસ ઉપર નકારાત્મક અસરો થતી હોય છે. તેમજ ધીરે – ધીરે આવા બાળકોમાં અભ્યાસ સાથે ડરની ભાવનાઓ પણ વિકાસ પામે છે. કેટલીક વખત તેઓ બોલી શકતા નથી તેમજ માનસિક અને સાંવેગિક રીતે ભાંગી પડે છે અને અભ્યાસ માટેનો ઉત્સાહ ગુમાવે છે. શાળામાં બાળકોને કરવામાં આવતી શિક્ષાથી નાની કે મોટી ઈજા થાય છે તેમજ તેમના આરોગ્યને નુકશાન થાય છે. જેમ કે કેટલીક વખત તેમના કાનને મચેડવામાં આવે ત્યારે કાનના આંતરીક ભાગોને નુકશાન થાય છે અને બાળક સાંભળવાની ક્ષમતા ગુમાવે છે. બાળકને મારઝુંડ કરવાથી નાની – મોટી ઈજાઓ થઈ શકે છે. શારીરિક શિક્ષાઓ નિવારવા માટે અને તે બંધ કરવા માટે RTE Act-2009 માં પણ જોગવાઈઓ કરેલી છે. જે માધ્યમિક શાળાઓને પણ લાગુ પડે છે. આ માટે નીચેના પગલા લેવા જરૂરી છે.

- શિક્ષકોને પુરતી અને સમયાંતરે સઘન તાલીમ આપવી.
- શિક્ષકોની નોકરીની શરતોમાં બાળકોના સંરક્ષણનો ખાસ ઉલ્લેખ કરવો, શાળામાં ભણતા બાળકને તંદુરસ્ત અને મૈત્રીપૂર્ણ પર્યાવરણ પુરૂ પાડવું. બાળકોને કોઈપણ પ્રકારની શિક્ષાઓ, કનડગત કરવી નહી તે માટે સેવાકીય નિયમોમાં પણ જોગવાઈ કરવી તેમજ તેવા સંજોગોમાં ગુનો કરનાર સામે ખાતાકીય પેનલ્ટીની જોગવાઈ કરવી. આ માટેની ફરજો અને જવાબદારીઓ RTE Act-2009 માં કરેલી છે.
- શિક્ષકોની તાલીમ વખતે શિક્ષણ / વહીવટી નિરીક્ષણ અધિકારીઓ દ્વારા પણ શાળામાં તંદુરસ્ત પર્યાવરણ જળવાઈ રહે અને બાળકોની ખોટી રીતે પજવણી કરવામાં ન આવે તેનું ધ્યાન રાખવું. આના પરિણામે શાળામાં અનિચ્છનીય બનાવો ઓછા બનશે અને બાળકોના અધિકારો પણ જળવાઈ રહેશે.

૪.૩.૨ : સાંજના સમયે જાતિય ઉશ્કેરણીઓ અટકાવવા બાબત :-

કેટલીક શાળામાં અને આજુ-બાજુના પરિસરમાં જાતિય ઉશ્કેરણીઓના બનાવો બનતા હોય તેમ જાણવા મળે છે, જે બાબત અત્યંત ગંભીર છે. શાળામાં બાળકોને કોઈ વ્હાલથી સ્પર્શ કરે અથવા ખરાબ ઈરાદા સાથે શારીરિક અડપલા કરે તે બે વચ્ચે શું ભેદ છે તેની બાળકને સમજણ આપવી, જેથી બદઈરાદાથી કોઈ સ્પર્શ કરે તો બાળક તરત બોલી ઉઠે અને તેમનો સામનો કરે. આ બાબતમાં શિક્ષકોએ પણ પુરતી તકેદારી રાખવી જોઈએ. આવા અસામાન્ય બનાવ બને જ નહી તેની આચાર્ય અને શિક્ષકોએ પુરતી તકેદારી રાખવી.

૪.૩.૩ : શાળાકીય પર્યાવરણ :-

- શાળામાં એવુ પર્યાવરણ હોવું જોઈએ કે કોઈપણ બાળક સાથે કોઈપણ અનિચ્છનીય બનાવ બને તો તેઓ તરતજ શાળાના અધિકારીઓના / આચાર્યના ધ્યાન ઉપર લાવશે તો તેમને જરૂરથી મદદ મળી રહેશે. આ માટે શાળાના વહીવટી સમિતિના સભ્યોએ પણ શાળાની નિયમિત મુલાકાત લેવાની રહેશે તેમજ વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરવાની રહેશે અને વિદ્યાર્થીઓ સહેલાઈથી આવા બનાવની શરૂઆતમાં જ શિક્ષક કે આચાર્યના ધ્યાન ઉપર આવી બાબત લાવી શકશે. શાળામાં બીજીપણ પદ્ધતિઓ જેવી કે હેલ્પડેસ્ક (મહિલા સામખ્યા ઈન કેરાલા), ઓરિસ્સાના ટોલ ફ્રી નંબર, બાળ પ્રધાનમંડળની રચના, કિશોરી મંચ, બાલસભા, ઓપન હાઉસ, વગેરે ની જોગવાઈઓ સ્થાનિક સંજોગોને ધ્યાનમાં લઈને શાળા સત્તામંડળે કરવી.
- શાળામાં બાળકોની સલામતી અને સુરક્ષા ઉપર ખુબ ધ્યાન આપવામાં આવે તે માટે શિક્ષકોને તાલીમમાં સલામતીની કસરતો, પ્રાથમિક સારવાર સ્ત્રી – પુરૂષ જાતિય તફાવતની સમજણ, શારીરિક શિક્ષણના સિદ્ધાંતો વગેરેનો સમાવેશ કરવો.
- વધુમાં દરેક શાળામાં એક સ્ત્રી શિક્ષિકા હોવી જોઈએ.
- નિવાસી શાળાઓ અને હોસ્ટેલોમાં શિક્ષકો અને સ્ટાફની કામગીરીના કલાકોનું નિયમન કરવા માટેના માપદંડ સ્પષ્ટતાપૂર્વક અને કાળજીપૂર્વક તૈયાર કરવા.

**૫. શાળા વહીવટી સમિતિ દ્વારા શાળાની દેખરેખ :**

જે તે શાળામાં શાળાની વહીવટી સમિતિ દ્વારા શાળાના વિવિધ પાસાઓનું સમાયાંતરે નિરીક્ષણ કરવામાં આવતું હોય છે.

a) કુદરતી આફતો, અકસ્માતો, અન્ય દ્વારા બાળકોની સતામણી, મધ્યાહ્ન ભોજનમાં ફુડ પોઈઝનીંગ વગેરે બાબતો માટે શાળાકીય વહીવટી સમિતિના સભ્યોને પાયાનું માર્ગદર્શન અને પ્રમાણિત કાર્યવાહી અંગે માહિતગાર કરવા જોઈએ.

b) શાળામાં ઓછામાં ઓછા એક સ્ત્રી શિક્ષકની નિમણૂંક માટે પ્રયત્ન કરવો જોઈએ અને શાળાકીય સમિતિમાં પણ મહિલાઓનું સ્થાન હોવું જોઈએ. તેઓએ પણ શાળામાં અવાર-નવાર વિદ્યાર્થીનીઓને રૂબરૂ મળીને શાળાની દેખરેખ રાખવી જોઈએ.

c) મધ્યાહ્ન ભોજન યોજનામાં પણ સ્થાનિક સત્તા મંડળે સતત ધ્યાન આપવું જોઈએ અને ઋતુ પ્રમાણે ખાદ્યસામગ્રીની પસંદગી અને સાપ્તાહિક મેનુ નક્કી કરવા જોઈએ.

d) શાળાઓમાં છોકરીઓની સંખ્યા ઘટે નહી તે માટે તેમની સતામણી ન થાય તે માટે શાળાકીય વ્યવસ્થા સમિતિના સભ્યોએ અગત્યની જવાબદારી નિભાવવી જોઈએ અને ગુનેગારો સામે કડક હાથે કાર્યવાહી કરવી જોઈએ.

e) શાળાકીય વ્યવસ્થા સમિતિના સભ્યોની કામગીરી ખુબ જ અગત્યની હોવાથી તેમને શાળામાં બાળકોને સલામત અને મૈત્રીપૂર્ણ પર્યાવરણ પુરૂ પાડવામાં આવે તે જોવું જોઈએ. શાળાના કામકાજના સમય દરમ્યાન વહીવટી સમિતિના સભ્યોની હાજરી પ્રોત્સાહન આપનારી હોય છે. શાળા છોડી ઘરે જતી વખતે પણ વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની હરકતો નડે નહી તે અંગે જરૂરી વ્યવસ્થા કરવી જોઈએ.

f) જેટલું શક્ય હોય તેટલું શાળાકીય વ્યવસ્થા સમિતિના સભ્યો ખાસ કરીને મહિલાઓએ શાળાના પ્રવાસોમાં સાથ આપવો જોઈએ.

g) શાળામાં વર્ગખંડ, ટોઈલેટ અને મધ્યાહ્ન ભોજન યોજના બાળકોના આરોગ્ય માટે સારી રીતે અસરકારક બની રહે તે પણ વ્યવસ્થા સમિતિના સભ્યોએ જોવું જોઈએ.

h) શાળાની આજુ-બાજુ તમાકુ અને નશાકારક પદાર્થોનું વેચાણ ન થાય તે અંગે પણ તકેદારી રાખવી.

i) શાળામાં બાળકો ગેરહાજર રહેતા હોય તો તેના કારણો જાણીને જરૂરી પ્રોત્સાહક સુધારા કરવા જોઈએ.

j) શાળાકીય વ્યવસ્થા સમિતિના સભ્યો દ્વારા સલામતી અંગેનું વાર્ષિક ઓડીટ પણ ગોઠવવું જોઇએ. જેથી શારીરિક સલામતી અને તંદુરસ્ત પર્યાવરણ શાળામાં બાળકોને મળી રહે. શાળાએ અકસ્માતો, શારીરિક શિક્ષાઓ, બાળકોની જાતિય સતામણી, માનસિક ત્રાસ, ભેદભાવની નીતિ, વગેરે સામે બાળકને અન્યાય ન થાય તે અંગેનું પ્રાવધાન કરવું. તેમજ કુદરતી આફતો અને અકસ્માતો સામે

બાળકોને રક્ષણ આપવા માટે સ્થાનિક સત્તામંડળો સાથે તેમજ માતા-પિતા સાથે સંપર્કમાં રહીને કાર્યવાહી કરવી.

k) વિદ્યાર્થીઓ વ્યક્તિગત રીતે પોતાની સામે થયેલા ભેદભાવની રજુઆત કરી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવું. શાળામાં ફરિયાદ પેટી રાખવી અને બાળકોને આ માટે વિશ્વાસપૂર્વક તેમની ફરિયાદ ખાનગીમાં રાખવામાં આવશે તેની જાણ કરવી અને આવી ફરિયાદોનો ત્વરીત નિકાલ કરવો.

l) છેવટે શાળાકીય વ્યવસ્થા સમિતિના સભ્યોએ, એ બાબતની સંપૂર્ણ ખાતરી રાખવી કે જ્યારે પણ શાળામાં કોઈ અનિચ્છનીય બનાવ બને ત્યારે જે બાળકને અન્યાય થયો તેને સંપૂર્ણ રક્ષણ આપવામાં આવે તેમજ શક્ય તાત્કાલિક દાક્તરી સારવાર પૂરી પાડવામાં આવે અને મનોવૈજ્ઞાનિક કાળજી લેવામાં આવે.

## <u>૬. ફરિયાદોનું નિવારણ :-</u>

૬.૧ : પ્રાથમિક કક્ષાએ RTE Act હેઠળ દરેક રાજ્યોમાં કોઈપણ ફરિયાદ થાય તો તેના નિકાલ માટે સ્થાનિક એજન્સીની નિમણૂંક કરેલ છે. આવી એજન્સીઓ અંગેની જાહેરાત શાળાના નોટીસ બોર્ડ ઉપર મુકવી, પંચાયતના બુલેટીન બોર્ડ ઉપર પણ મુકવી જેથી દરેક બાળકની સલામતી માટે તાત્કાલિક રીપોર્ટ મોકલી શકાય. કેટલાક રાજ્યોએ આના માટે શાળાના આચાર્યને પણ ફરિયાદના નિરાકરણ અધિકારી તરીકે નિયુક્ત કરેલા છે. તેઓએ આવા બનાવની નોંધ કરવી, સત્તામંડળને જાણ કરવી અને સત્તામંડળે સાત દિવસમાં નિકાલ કરવો.

<u>૬.૨ :</u> શાળાકીય શિક્ષણ, શારીરિક શિક્ષાઓ, બાળકોની સતામણી, બાળકોની સલામતી અને સુરક્ષા વગેરે બાબતો અંગે સત્તામંડળ દ્વારા સ્થાનિક લોકોની મીટીંગ પણ ગોઠવવામાં આવે, તેની દેખરેખ પણ રાખવામાં આવે અને આ બધાને જાગૃત પણ કરવામાં આવે તે જરૂરી છે.

<u>૬.૩ :</u> બાળકોની સુરક્ષા અને સલામતી માટે જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ પણ યોગ્ય વ્યવસ્થાતંત્ર ઉભું કરવું. દા.ત. રાજ્ય સરકાર દ્વારા શારીરિક શિક્ષાઓની નોંધણી માટે ગ્રામ પંચાયતની શિક્ષણ સમિતિમાં બ્લોક શિક્ષણ અધિકારી દ્વારા શિક્ષા સંવાદ દર મહિનાના બીજા રવિવારે રાખવામાં આવે છે. અન્ય રાજ્યો દ્વારા ટોલ ફ્રી હેલ્પલાઈન નંબરની વ્યવસ્થા હોય છે. આ બધી વ્યવસ્થાઓના પરિણામે આવા બનાવોની તાત્કાલિક જાણ થતા તેના નિરાકરણ માટે યોગ્ય પ્રયત્નો કરવા જોઈએ.

## ૭. રાજ્ય દ્વારા નિયંત્રણ :

૭.૧ : શાળાને માન્યતા આપતી વખતે અથવા રાજ્ય સરકાર દ્વારા “ના વાંધા પ્રમાણપત્ર” આપતી વખતે પણ શાળામાં સલામત અને સુરક્ષિત પર્યાવરણ પુરૂ પાડવું, શાળાકીય શિક્ષાઓ અને સતામણીમાંથી શાળાને મુક્ત રાખવી, વગેરે બાંહેધરીઓ પણ લેવી જોઈએ અને રાજ્ય બોર્ડ દ્વારા પણ શાળાઓને માન્યતા આપતી વખતે આ બધી શરતો સંતોષાય છે કે કેમ તેની તકેદારી રાખવી જોઈએ.

૭.૨ : રાજ્ય સરકાર તેમજ વહીવટી અધિકારીઓ દ્વારા એ બાબતે તકેદારી રાખવી જોઈએ કે શાળામાં ભણતા વિદ્યાર્થીઓ માટે સુરક્ષા અને સલામતીની તમામ જોગવાઈઓ કરવામાં આવે અને આવી ફરીયાદોના યોગ્ય નિકાલ માટે જરૂરી કમિટીની નિમણૂંક પણ કરવી જોઈએ અને સરકાર દ્વારા તેના ઉપર દેખરેખ પણ રાખવી જોઈએ.